શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...

RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)

(સાપ્તાહિક-વ્યારા)

ગુજરાત રક્ષા - 06
WhatsApp group
સમાચારોનાં વધુ અપડેટ અને અગત્યનાં સમાચારો મેળવવા માટે ગુજરાત રક્ષાના whatsapp ગ્રુપમાં જોડાવો, આ QR Code Scan કરો.

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સંર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖તા.૧૪-૧૦-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.

કાર્યાલય : ૪, મોટી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

# બાબા સિદ્દિકીની ફુલપ્રૂફ પ્લાનિંગ સાથે હત્યા... ૨૫ દિવસ કરી હતી રેકી



## ૧૫ દિવસ પહેલા ધમકી મળી, Y કેટેગરીની સુરક્ષા ફેલ, બાબા સિદ્દિકીની હત્યા મામલે સરકાર ઘેરાઈ

મુંબઈમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP - અજીત પવાર)ના કદાવર નેતા બાબા સિદ્દિકીની હત્યા કેસમાં મુંબઈ પોલીસે મોટો ઘટસ્ફોટ કર્યો છે. પૂછપરછ દરમિયાન પકડાયેલા આરોપીઓએ પોતાને કુખ્યાત બિશ્નોઈ ગેંગના સભ્યો હોવાનું જાહેર કર્યું છે. પોલીસનું કહેવું છે કે છેલ્લા ૨૫-૩૦ દિવસથી આ હુમલાની યોજના ઘડવામાં આવી રહી હતી. બાબા સિદ્દીકી જ્યાં રોજ અવર-જવર કરતા હતા તે વિસ્તારની આરોપીઓ સતત રેકી કરી રહ્યા હોવાની પણ જાણકારી મળી છે. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર બાબા સિદ્દીકીની હત્યા કરવા માટે કુલ ચાર લોકોને સોપારી આપવામાં આવી હતી. આ સોપારી અઢીથી ત્રણ લાખ રૂપિયામાં આપવામાં આવ્યા હતા. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચનો દાવો મુંબઈ

પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર ક્રાઈમ બ્રાન્ચનો દાવો છે કે બાબા સિદ્દિકીની હત્યા કેસમાં ધરપકડ કરાયેલા બે આરોપીઓએ પૂછપરછ દરમિયાન બિશ્નોઈ ગેંગ સાથે સંબંધ હોવાનો દાવો કર્યો છે. ચાર પૈકી ત્રણ આરોપીઓ ઓટો રિક્ષા દ્વારા બાંદ્રા પૂર્વમાં આવેલા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે બાબા સિદ્દિકી પર ગોળીબાર કરતા પહેલા ત્રણેય ત્યાં થોડીવાર રાહ જોતા રહ્યા. પોલીસને આશંકા છે કે આરોપીઓને માહિતી આપનાર અન્ય કોઈ વ્યક્તિ તેમાં સંડોવાયેલો હોઈ શકે છે.આરોપીઓની ઓળખ જાહેર કરાઈ ધરપકડ કરાયેલા બે આરોપીઓના નામ કરનૈલ સિંહ અને ધરમરાજ કશ્યપ છે. કરનૈલ હરિયાણાનો રહેવાસી છે. ધરમરાજ ઉત્તરપ્રદેશનો રહેવાસી છે. અન્ય એક આરોપી ફરાર છે. ત્રીજા આરોપીની શોધખોળ ચાલુ છે. પોલીસે તેને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. કેવી રીતે બની સમગ્ર ઘટના? બાબા સિદ્દિકી સવારે ૯.૧૫ થી ૯.૨૦ની વચ્ચે ઓફિસથી નીકળ્યા હતા. ત્યારપછી તે ઓફિસ પાસે ફટાકડા ફોડી રહ્યા હતા. આ દરમિયાન જ તેમના પર ગોળીબાર કરાયો હતો. અચાનક કારમાં આવેલા ત્રણ લોકોએ બેફામ ગોળીબાર શરૂ કરી દીધો હતો. પોલીસનું કહેવું છે કે ફાયરિંગમાં ૯.૯ એમએમની પિસ્તોલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. છાતીમાં ગોળી વાગતાં બાબા સિદ્દિકી ઢળી પડ્યા હતા.'Y' કેટેગરીની સુરક્ષા આપવામાં આવી હતી ફેબ્રુઆરી ૨૦૨૪માં બાબા સિદ્દિકી કોંગ્રેસ છોડીને NCP (અજિત પવાર જૂથ)માં જોડાયા હતા. બાબા સિદ્દિકીને ૧૫ દિવસ પહેલા જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી, ત્યારબાદ તેમને 'Y' કેટેગરીની સુરક્ષા પણ આપવામાં આવી હતી. બાબા સિદ્દિકીની હત્યા બાદ વિપક્ષે મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊઠાવ્યા છે.હવામાન વિભાગ ની આગાહીઃ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસશે વરસાદ, ૨ દિવસ આ વિસ્તારો ને ધમરોળશેશિંદે સરકાર પર સવાલકોંગ્રેસના નેતા રમેશ ચેન્નીથલાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું કે, 'યુથ કોંગ્રેસના દિવસોના મારા પ્રિય મિત્રના અવસાનથી હું આઘાતમાં છું.' NCP ના નેતા શરદ પવારે કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેવી રીતે કથળી છે તે ચિંતાજનક છે.'રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને NCP નેતા અનિલ દેશમુખ તેમજ કોંગ્રેસના નેતા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે આ ઘટના માટે એકનાથ શિંદે સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, 'Y કેટેગરીની સુરક્ષા આપવામાં આવેલા નેતાને આ રીતે ગોળી મારીને હત્યા કરવામાં આવી તે ચોંકાવનારું છે.'પોલીસે બે લોકોની કરી ધરપકડ ઉલ્લેખનીય છે કે, શનિવારે (૧૨મી ઓક્ટોબર) મુંબઈમાં બાબા સિદ્દિકી તેમના દીકરા જીશાન સિદ્દિકીની ઓફિસની બહાર ઊભા હતા. ત્યારે ત્રણ લોકોએ તેમના પર અચાનક ફાયરિંગ કર્યું હતું. જેમાં તેમને બે છાતી-પેટના ભાગમાં અને એક પગમાં ગોળી વાગી હતી. જ્યારબાદ ગંભીર હાલતમાં તેમને તાત્કાલિક લીલાવતી હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થયું છે. હાલ પોલીસે બે શંકાસ્પદ લોકોની ધરપકડ કરી છે અને એક આરોપી ફરાર છે જેની પોલીસ શોધખોળ કરી રહી છે. શંકાસ્પદ આરોપીઓમાં એક ઉત્તર પ્રદેશ અને બીજો હરિયાણાનો છે. આ ઘટના બાંદ્રા ખેરવાડી સિગ્નલ નજીક બની છે. ક્રાઈમ બ્રાંચે કેસની તપાસ શરૂ કરી છે.

# ઇરાન પર હુમલો કરવાની હિંમત ન કરતાંઃ ઇઝરાયેલને પુતિનની ચેતવણી



તહેરાન : ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના સંઘર્ષમાં અત્યાર સુધીમાં લગભગ ૪૨૦૦૦ પેલેસ્ટિનિયન માર્યા ગયાં છે. ૯૭૭૨૦ ઘાયલ છે. હજારો ગુમ છે. પરંતુ હવે યુદ્ધનો વ્યાપ લેબનોન અને ઈરાન સુધી વિસ્તર્યો છે. લેબનોનમાં ઈઝરાયેલના હુમલા ચાલું છે. આ દરમિયાન એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ઈઝરાયેલ કોઈપણ સમયે ઈરાન પર મોટો હુમલો કરી શકે છે.ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ ચરમસીમા પર છે. આ દરમિયાન રશિયાએ મોટું નિવેદન આપ્યું છે. હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું પુતિન આ નવાં યુદ્ધમાં સીધાં જ ઉતરવાના મૂડમાં છે. રશિયા ખુલ્લેઆમ ઈઝરાયલ સામે આવ્યું છે.રશિયાએ ઈઝરાયેલ ને ઉશ્કેરવા બદલ પશ્ચિમી દેશોની ટીકા કરી હતી. એવું માનવામાં આવે છે કે ઈઝરાયેલ કોઈપણ સમયે ઈરાન સામે જવાબી કાર્યવાહી કરી શકે છે. પરંતુ આ હુમલા પહેલાં રશિયાએ કડક ચેતવણી આપી છે.લાઓસના વિએન્ટિયાનમાં એક પ્રેસ કોન્ફરન્સ માં રશિયાનાં વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે કહ્યું કે ઈઝરાયેલના હુમલાથી આ ક્ષેત્રમાં તણાવ વધવાની શક્યતા છે. તેમણે કહ્યું કે જો ઈરાનના પરમાણુ કેન્દ્રો પર હુમલો કરવાની કોઈ ધમકી આપવામાં આવશે તો આંતરરાષ્ટ્રીય સમુદાય તેને ગંભીર ઉશ્કેરણી તરીકે જોશે.રશિયાનાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન શુક્રવારે તુર્કમેનિસ્તાનના અશગાબાત માં પ્રથમ વખત મળ્યાં હતાં. બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની તાજેતરની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી.માહિતી અનુસાર, ડ્રોન અને અન્ય સંરક્ષણ ઉત્પાદનો પર બંને દેશો વચ્ચે ૧.૭. બિલિયન ડોલરના નિકાસ કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે. પુતિને ખુલ્લેઆમ ઈરાનને સમર્થન આપ્યું હતું અને ઈઝરાયેલને ચેતવણી આપી હતી કે, × તમે ઈરાન પર હુમલો કરવાની હિંમત ન કરતાં''

# સદસ્યતા અભિયાનમાં ભાજપનો પનો ટૂંકો પડ્યો! પોલીસને ધંધે લગાડી ૭૦૦૦૦ સભ્યો બનાવ્યાં!

ભાજપના સદસ્યતા અભિયાનની ચારેતરફ ચર્ચા થઈ રહી છે. નવા સભ્યોની નોંધણીને મુદ્દે પક્ષમાં જ ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે. કોપોરેટર, ધારાસભ્યો, સંસદ સભ્યો હોય કે વિવિધ હોદ્દેદારો તેમનો લક્ષ્યાંક પૂર્ણ કરવા રઘવાયા બન્યા છે. પક્ષના પાયાના કાર્યકરોની નારાજગી વચ્ચે ટાર્ગેટ પૂર્ણ કરવામાં પનો ટૂંકો પડી રહ્યો હોય હવે પોલીસ તંત્રને વધી અપાઈ હોવાનું જણાયું છે. કાયદો અને વ્યવસ્થાને કોરાણે મુકી પોલીસ તંત્રે ઉપરથી મળેલા નવા ટાર્ગેટ મુજબ સાત દિવસમાં ૭૦ હજાર સભ્યોની નોંધણી કરાવી દીધી હોવાની ચર્ચા શહેર ભાજપમાં ઊઠી છે.ભાજપનું સદસ્યતા અભિયાન હોદ્દેદારો માટે માથનો દુઃખાવોભાજપનું સદસ્યતા અભિયાન ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પસંદગી પામેલા હોદ્દેદારો માટે માથનો દુઃખાવો બની ચૂક્યું છે. સભ્ય નોંધણીની કામગીરી ઉપર સીધી દિલ્હી હાઈકમાન્ડથી નજર રાખવામાં આવી છે. બીજી તરફ છવાયેલી નીરસતા વચ્ચે ટાર્ગેટ પૂરો કરવા મોટાગજાના રાજકારણીઓનો પનો પણ ટૂંકો પડી રહ્યો છે. તાજેતરમાં બે મંત્રીઓનો સંવાદ વાઈરલ થયો છે. હવે સરકારી તંત્રના ખભે સદસ્યા અભિયાન પૂરું કરવાની વાતે રાજકીય ચકરાવો લીધો છે.પોલીસના ખભે નવી રાજકીય બંદૂક મુકીસુરત સિટીમાં શહેર પોલીસ પાસે કામગીરી કરાવાઈ હોવાનો સૂર ઊઠ્યો છે. શહેરના વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા અધિકારીઓ કે કર્મચારીઓને સદસ્યા અભિયાનમાં ટાર્ગેટ આપી જોતરી દેવાયા છે. પોલીસના ખભે નવી રાજકીય બંદૂક મુકી દેવાતા પોલીસ બેડામાં કચવાટ છવાયો છે. એકાએક સીધી પાટી બેઈઝ કામગીરી સાથે પોલીસ તંત્રને જોડી દેવાતા કર્મચારીઓના મોઢેથી ડચકારા બોલવા લાગ્ય છે.જો કે, મોઢું મચકોવીને પણ પોલીસે તેમની કામગીરીની આગવી સ્ટાઈલ મુજબ સદસ્યતા અભિયાન માટે મળેલો ટાર્ગેટ એક સપ્તાહમાં જ પૂર્ણ કરી દીધો છે.સાત દિવસમાં સીતેર હજાર સભ્યોની નોંધણી થઈ જતાં રાજકારણીના મોઢા ઉપર મલકાટ છવાયો છે. બીજી તરફ શહેર ભાજપના અન્ય નેતાઓ કે હોદ્દેદારો તેમને મળેલા મતના પચાસ ટકા સભ્યો બનાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. બુથ પ્રમુખ, વોર્ડ પ્રમુખ સાથે આયોજન કરી રહ્યાં હોવા છતાં ટાર્ગેટની નજીક પહોંચે તેવી શક્યતા કેટલાક કિસ્સાઓમાં ધૂંધળી જણાય રહી હોવાનું ભાજપના આંતરીક વર્તુળો એ જણાવ્યું હતું.

# ઝારખંડમાં મેળાથી ઘરે જતી ૨ સગીરા પર હેવાનિયત, પંચાયત દ્વારા મામલો રફેદફે કરવા પ્રયાસ

## દુર્ગાપૂજાના મેળામાંથી પરત ફરતી બે સગીરાઓને ઉપાડી સામુહિક દુષ્કર્મ

ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન અનેક દુષ્કર્મની ઘટનાઓ સામે આવ્યા બાદ ભારતના અન્ય રાજ્યોમાંથી પણ હવે સામૂહિક દુષ્કર્મના કેસ સામે આવવા લાગ્યા છે. તાજેતરનો મામલો ઝારખંડના પલામુ જિલ્લાનો છે જ્યાં દુર્ગા પૂજાના મેળામાંથી ઘરે પરત જતી બે દલિત સગીરાઓ પર સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના ચકચારભર્યા સમાચાર સામે આવ્યા છે. પોલીસે આ મામલે શું કહ્યું? એક પોલીસ અધિકારીએ આ મામલે જાણકારી આપતાં કહ્યું કે આ ઘટના શુક્રવારે નૌડીહા બજાર ક્ષેત્રના પોલીસ સ્ટેશનની હદમાં બની હતી. હેવાનોએ આ બંને સગીરાઓને રસ્તામાં અધવચ્ચેથી જ ઉપાડી લીધી હતી અને તેમના પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓને પકડવા માટે મોટાપાયે શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આરોપીઓ થયા ફરાર પીડિતાઓએ સામૂહિક દુષ્કર્મનો ભોગ બન્યા બાદ ઘરે પહોંચીને પરિવારને ઘટના વિશે જાણકારી આપી હતી. ત્યાર બાદ આ મામલે આગામી બે દિવસ સુધીમાં પંચાયત સ્તરે જ ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. છેવટે રવિવારે મોડી સાંજે આ મામલો પોલીસ સુધી પહોંચી ગયો. આ મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આરોપીઓ હજુ સુધી ફરાર છે.

## ચૂંટણીના એંધાણ વચ્ચે ઝારખંડમાં દિગ્ગજ મંત્રી પર EDના દરોડા

ઝારખંડમાં ગમે ત્યારે ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની તૈયારીમાં છે ત્યાં ઈડીએ પણ ઠેક ઠેકાણે દરોડાઓની શરૂઆત કરી દીધી છે. તાજેતરનો મામલો ઝારખંડના કદાવર મંત્રી સાથે જ સંકળાયેલો છે જેમના ૨૦ જેટલાં ઠેકાણે તપાસ ટીમ ત્રાટકી હતી. કોના પર ત્રાટકી ઈડીની ટીમ? માહિતી અનુસાર જળ જીવન મિશન સંબંધિત યોજનાઓમાં ગેરરીતિઓના આરોપો હેઠળ ઈડી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઈડીએ મંત્રી મિથિલેશ ઠાકુરના ભાઈ વિનય કુમાર, ખાનગી સચિવ હરેન્દ્ર સિંહ સહિત અનેક વિભાગીય એન્જિનિયર્સના ઠેકાણે દરોડા પાડ્યા હતા. બીજી બાજુ એક સિનિયર આઈ એ એસ ની બહેનના ઘરે પણ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. પીએમ મોદીએ મુદ્દો ઊઠાવ્યો હતો ઉલ્લેખનીય છે કે ગત દિવસોમાં હઝારીબાગ ખાતે એક સભામાં પીએમ મોદીએ આ મુદ્દાને ઊઠાવ્યો હતો. તેમણે રાજ્ય સરકાર પર આરોપ મૂક્યો હતો કે કેન્દ્ર સરકારની યોજનાઓમાં પણ કૌભાંડ આચર વામાં આવી રહ્યા છે.

# ઉત્તર પ્રદેશના બહરાઈચમાં દુર્ગા વિસર્જન દરમિયાન હિંસા, એકનું મોત



બહરાઈચઃ ઉત્તર પ્રદેશના બહરાઈચ જીલ્લાના મહસી તાલુકાના મહારાજગંજ શહેરમાં દુર્ગા મૂર્તિની વિસર્જન યાત્રા દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. રવિવારે સાંજે મૂર્તિ વિસર્જન દરમિયાન ડીજે પર ગીત વગાડવાને બાબતે બે સમુદાયો વચ્ચે વિવાદ થયો હતો. ગીતના વિરોધમાં, અન્ય સમુદાયના યુવાનોએ ધાબા પરથી નારેબાજી કરી અને પથ્થરમારો કર્યો.કથિત રીતે પથ્થરમારાને કારણે મા દુર્ગાની મૂર્તિ ખંડિત થઈ ગઈ હતી. જેના કારણે અન્ય સમુદાયોએ હોબાળો મચાવ્યો. આરોપ છે કે પ્રદર્શન દરમિયાન અન્ય સમુદાયના લોકોએ એક યુવકને પકડી ઘરની અંદર લઈ ગયા અને એને ગોળી મારી દીધી હતી, તેને બચાવવા ગયેલા યુવકને પણ ગંભીર ઈજા થઈ હતી.

# રાજ્ય સરકારે OPS સંદર્ભે કરેલ જાહેરાતને સુરતનાં ચોર્યાસી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે હર્ષોલ્લાસથી વધાવી



**(પ્રતિનિધિ દ્વારા, ઓલપાડ)** : ગુજરાત સરકારનાં ૧/૪/૨૦૦૫ પહેલાનાં તમામ કર્મચારીઓને OPS માં લેવાની જાહેરાતને સુરતનાં ચોર્યાસી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે હર્ષોલ્લાસ થી ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી વધાવી હતી.આ બાબતે ચોર્યાસી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ નિમેષ પટેલે જણાવ્યું હતું OPS ની લડત છેલ્લાં ઘણાં વર્ષોથી ચાલતી હતી જેને સફળતા મળી છે, જેનો ફાયદો રાજ્યનાં અંદાજીત ૬૫, ૦૦૦ જેટલાં કર્મચારી ઓને થવાનો છે. હજી પણ બાકી રહેલાં તમામ કર્મચારીઓને OPS મળે તે માટેની લડત પણ ચાલુ જ રહેશે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં બાહોશ નેતા દિગ્વિજયસિંહ જાડેજાની રણનીતિ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં યશસ્વી પ્રમુખ કિરીટભાઈ પટેલનાં સફળ કાર્યોની શૃંખલા આવનારા દિવસોમાં જરૂર રંગ લાવશે. શિક્ષકો સહિત કર્મચારીઓનાં હિતાર્થે રાજ્યનાં સંગઠનને સહકાર આપવા ચોર્યાસી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ હંમેશા તત્પર રહેશે.

# ઉકાઈ મેન હાઈડ્રો પર જાળીમાં પુરાયેલા અજગરનું રેસ્ક્યુ કરાયું



**(પ્રતિનિધિ દ્વારા, ઉકાઈ)** : તાપી જિલ્લા તા:૧૧/૧૦/૨૦૨૪ શુક્રવારના રોજ સોનગઢ તાલુકાના ઉકાઈ મેન હાઈડ્રો પર જાળીમાં ફસાયેલો અજગર દેખાતા સવારે ૮:૩૦ કલાકે CISF દ્વારા જીવદયા પ્રેમી સચિન ગામીત પર કોલ કરતાં ઉકાઈ મેન હાઈડ્રો પર અજગર જાળીમાં ફસાયેલો હોવાની જાણ થતા, તરત જ રેસ્ક્યુ ટીમના સચિન ગામીત, મેહુલ મોરકર, અને આશિષ ગામીત તરત સ્થળ પર પહોંચી ૭ થી ૮ ફૂટ લાંબો અને ૧૨ થી ૧૩ કિલો વજનનો અજગર સાપને પકડી જંગલ વિસ્તારમાં અજગરને સહી સલામત રીતે છોડવામાં આવ્યો હતો. ઉકાઈ રેસ્ક્યુ ટીમના ૩૦ થી ૩૨ વર્ષથી આ રીતે વિન્યા મૂલ્યનું સેવાનું કામ કરી રહ્યા છે.

# વીરપુર વિદ્યાકુંજ વિદ્યાલયની ૫૧ દીકરીઓએ રેક્ટર અને શાળાના આચાર્ય સાથે બહુચરાજી માતાજીના મંદિરે નવરાત્રીનો આનંદ માણ્યો



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : વ્યારા બહુચરાજી માતાજીના મંદિરે નવરાત્રીના પાવન પર્વે આઠમના દિવસે ૫૬ ભોગ અને યજ્ઞનો વીરપુર વિદ્યાકુંજ વિધ્યાલય શાળાની ૫૧ દીકરીઓ એ રેકટર શીલાબેન અને શાળાના આચાર્ય કેતન શાહ સાથે લાભ લઈ ગરબાનો આનંદ માણ્યો.વ્યારા નગરના બહુચરજી ચોક છ રસ્તા પર બહુચરાજી માતાજીની મંદિરે વીરપુર વિધ્યકુંજ વિધ્યાલયની ૫૧ દીકરીઓ સાથે શાળાના આચાર્ય કેતન શાહ અને રેકટર શીલાબેન ગામીત સહિત માતાજીની ઉપાસના પૂજા અર્ચના આરતી કરી ગરબા રમ્યા અને નવરાત્રીની ઉજવણીમાં ભાગ લઈ ગરબાની રમઝટ માણી હતી. મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા શાળાની દીકરીઓને નાસ્તો કરાવ્યો અને આઈસક્રીમ સાથે ચોકોબર આપી સ્વાગત કરવામાં આવ્યું હતુ.

# માંડવીમાં વાવાઝોડામાં વીજ લાઈનના થાંભલા ઠેર ઠેર ધરાશય

## એનામાં વીજ પડતાં એક્સપ્રેસ વેનું કામ કરતાં મજૂરનું મોત

**માંડવી,તા.૧૨**:પલસાણા તાલુકાના એના ગામની હદમાં ગુરુવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ વીજળીના કડાકા ભડાકા સાથે ભારે વરસાદ પડતાં ગામ નજીક એક્ષ્પ્રેસ વેની કંસ્ટ્રક્શન સાઈટ પર કામ કરી રહેલા ચંદનકુમાર કૈલાશ રાય નામના ૩૧ વર્ષીય મજૂર પર કડાકા સાથે વીજળી પડી હતી. ચંદનકુમાર ને માથાના ભાગે અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોએ ચંદનકુમાર ને તાત્કાલિક સારવાર માટે પલસાણાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જયાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો. આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.માંડવી. માંડવી તાલુકામાં ગુરૂવારની મોડી સાંજથી આવેલા વાવાઝોડા સાથેના વરસાદમાં જીઈબીને મોટું નુકસાન પહોંચ્યું હતું. ઘર વપરાશની વીજ લાઈન તથા ખેતીવાડીની વીજ લાઈનને મોટું નુકસાન થયું હતું ઘણી જગ્યાએ વીજ થાંભલા ધરાશય થયા હતા પરંતુ જીઈબી દ્વારા તાત્કાલિક પગલાં શરૂ કર્યા હતા અને વહેલી સવારથી થાંભલાઓ ઊભા કરવા કામ પણ શરૂ કરી વીજ સપ્લાય શરૂ કરી દીધો હતો.

# પરંપરાગત ગરબો : માટીનાં ગરબાને પરંપરાગત રીતે અંતિમ દિવસે વળાવવા જતી મહિલાઓ ઓલપાડનાં અસનાડ ગામે કેમેરાની નજરે પડી



વિજય પટેલ (ઓલપાડ)

સમય ભલે બદલાયો પરંતુ માટીનાં ગરબાનું મહત્વ આધુનિક સમયમાં પણ યથાવત રહ્યું છે. આદ્યશક્તિની આરાધના કરવા માટે વર્ષમાં આવતી ચાર નવરાત્રિ પૈકી આસો મહિનાની નવરાત્રિનું મહાત્મ્ય વિશેષ છે. નવરાત્રિમાં લોકો નવ દિવસ માતાજીની આરાધના કરે છે તે પૂર્વે ખૂબ જ ભાવપૂર્વક માટીનાં ગરબાનું સ્થાપન કરતાં હોય છે. નવરાત્રિનાં પ્રથમ દિવસે માતાજી પ્રત્યેની અખૂટ શ્રધ્ધા સાથે સ્થાપિત માટીનાં ગરબાને પરંપરાગત રીતે અંતિમ દિવસે મુહૂર્ત મુજબ તેનાં ગંતવ્ય સ્થાને વળાવવા જતી મહિલાઓ ઓલપાડનાં અસનાડ ગામે કેમેરાની નજરે પડી હતી.

# સુરતમાં ૧૧ વર્ષની બાળા સાથે દુષ્કર્મનો પ્રયાસ, બુમાબુમ કરતા નરાધમ ભાગ્યો

**સુરત,** ડુમ્મસ રોડના મગદલ્લા ગામ વિસ્તારમાં રહેતા કરિયાણાના દુકાનદાર દંપતીની પહેલા માળે એકલી સુતેલી ૧૧ વર્ષની બાળકીની એકલતા નો લાભ લઈ પાણીની બોટલ મુકવા આવતા રાજસ્થાની નરાધમ યુવાને દુષ્કર્મનો પ્રયાસ કરતા મામલો ઉમરા પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. પોલીસે ૨૨ વર્ષીય અપરિણીત નરાધમની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે.ડુમ્મસ રોડ સ્થિત મગદલ્લા ગામ વિસ્તારમાં રહેતા મધ્યમ વર્ગીય પરિવારનું દંપતી રહેણાંક મકાનના ગ્રાઉન્ડ ફ્લોરના ભાગે કરિયાણાની દુકાન ચલાવે છે. ગત સવારે દંપતી દુકાનના કામમાં વ્યસ્ત હતા જયારે તેમની ૧૧ વર્ષની ધો. ૫ માં અભ્યાસ કરતી પુત્રી પહેલા માળે સુતેલી હતી. દરમિયાન માં સવારે ૯.૪૦ કલાકે રાબેતા મુજબ પાણીની બોટલ મુકવા હીરાલાલ ગુર્જર (ઉ.વ. ૨૨ રહે. પરવટ પાટિયા અને મૂળ રાજસ્થાન) આવ્યો હતો. હીરાલાલ પાણીની બોટલ મુકવા પહેલા માળે ગયો હતો અને કિચનમાં બોટલ મુકી હતી. ત્યાર બાદ તેની નજર રૂમમાં સુતેલી ૧૧ વર્ષની બાળકી ઉપર પડી હતી. બાળકીને જોઈ નરાધમ હીરાલાલના મગજ માં હવસનો કીડો જાગ્યો હતો અને બહાર આવી આજુબાજુ નજર કર્યા બાદ રૂમમાં જઈ દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો.

# સુરતમાં હર્ષ સંઘવીએ પોલીસ હથિયારની પૂજા કરી અત્યાધુનિક રાઇફલની માહિતી મેળવી



**સુરત, :** વિજયાદશમી નિમિત્તે ગુજરાત પોલીસ અને ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત પોલીસ હેડક્વાટર ખાતે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ પોલીસના અત્યાધુનિક હથિયારની પૂજા કરી તેની વિશે માહિતી મેળવી હતી. તો અમદાવાદમાં પણ પોલીસ કમિશનર દ્વારા શસ્ત્ર પૂજન કરી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ સારી હોવાનું જણાવ્યું હતું. તો ગોતાના રાજપૂત ભવન ખાતે ક્ષત્રિય સમાજે તલવાર સહિતના હથિયારની પૂજા કરી દશેરાની ઉજવણી કરી હતી.સુરતમાં હર્ષ સંઘવી હસ્તે શસ્ત્રપૂજનસુરત પોલીસ હેડક્વાટર ખાતે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. શસ્ત્ર પૂજા બાદ પોલીસના અત્યાધુનિક રાયફલ-ગન હર્ષ સંઘવીએ હાથમાં લીધી હતી. હથિયારની ક્ષમતા અંગે પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહેલોત પાસેથી માહિતી લીધી હતી. વિજયા દશમીના દિવસે શસ્ત્ર પૂજામાં પોલીસ કમિશનર અનુપમ ગેહલોત, ઉચ્ચ પોલીસ અધિકારી પણ હાજર રહ્યાં હતાં.ન્યાય બધાને ભગવાન સમયસર આપી દેતા હોય છે.

# સુરતમાં 'વિકાસ પદયાત્રા'નું કેન્દ્ર સરકારના મંત્રીએ પ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું





**સુરત, :**સુરત સહિત સમગ્ર રાજ્યમાં ૭ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. આ ઉજવણીના ભાગરૂપે આજે ચોકબજાર કિલ્લાથી વિકાસ પદયાત્રાને કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ પ્લેગ ઓફ આપીને પ્રસ્થાન કરાવી હતી. ચોકના કિલ્લાથી અડાજણ બસ ડેપો સુધી પદયાત્રામાં નેતાઓ સાથે અનેક સુરતીઓ પણ જોડાયા હતા. રાજયવ્યાપી ઉજવાઈ રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતના ઐતિહાસિક ચોકબજાર કિલ્લાથી અડાજણ બસ ડેપો સુધીની 'વિકાસ પદયાત્રા'ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં વિવિધ બેનરો સાથે સુરતીઓએ પણ ભાગ લીધો હતો. આ યાત્રા દરમિયાન નાણાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, વડાપ્રધાનના સફળ નેતૃત્વ હેઠળ સમગ્ર દેશ સહિત ગુજરાત રાજ્ય વિકાસના નવા આયામ સર કર્યા છે. ૨૩ વર્ષ પહેલા શરૂ કરેલી વિકાસ યાત્રામાં ગરીબો-વંચિતોની સાથે બાળકો, મહિલાઓ, ખેડૂતો અને આદિમ જૂથ સહિતના નાગરિકો માટે અનેક કલ્યાણકારી યોજના શરૂ કરી સૌના સહિયારા વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. વાયબ્રન્ટ ગુજરાત, શાળા પ્રવેશોત્સવ, ગરીબ કલ્યાણ મેળા, સેવાસેતુ જેવા અનેક વિકાસલક્ષી પ્રયાસો થકી ગુજરાતને સમગ્ર ભારતના મોડેલ સ્ટેટ તરીકે વિકસાવ્યું છે. વડાપ્રધાનના ઉત્તમ આયોજનને પગલે સૌર ઊર્જા ક્ષેત્રે પણ ગુજરાત દેશમાં મોખરે છે.

# ફૂડ વિભાગના દરોડા:સતત બીજા દિવસે સુમુલના નામે વેચાતું નકલી ઘી પકડાયું

**સુરત,** અડાજણ ના શિવાંજલિ કોમ્પ્લેક્સમાં આઈ માતા સુપર સ્ટોરમાંથી સુમુલનું નકલી ઘી પકડાયું છે ત્યારે ઊંઘમાંથી જાગેલા પાલિકાના ફૂડ વિભાગે શુક્રવારે ૧૪ સંસ્થાઓમાંથી ઘીનાં ૨૦ નમૂનાં લીધાં હતા. તમામ નમૂનાઓની ચકાસણી માટે પાલિકાના પબ્લિક ફૂડ લેબ ખાતે મોકલવામાં આવ્યાં છે, જેનો રિપોર્ટ ૨ દિવસમાં આવી જશે તેવું ચીફ ફૂડ ઈન્સ્પેક્ટર જગદીશ સાલૂંકેએ જણાવ્યું હતું.આ ઉપરાંત વધુ ફરિયાદો મળતાં ફૂડ વિભાગે અવિનાશ વાનાણી સહિતના ૫ ભાગીદારોની એલ.એચ. રોડ પર પ્રાઈમ સ્ટોર ખાતે તથા દિવાળી બાગ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એ. કે. રોડની અંકુર સોસાયટી ખાતે પોલીસ સાથે તપાસ કરતાં સુમુલ શુદ્ધ ઘીના નામે શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો, જેથી સેલ્સમેન દર્શન ક્રિડેચા, જૈનીસા કનુભાઈ પાસેથી નમૂનાં લઈ લેબમાં મોકલાયાં છે. આ ઉપરાંત ૧ લિટર (૯૪૦ ગ્રામ)ના પતરાનાં કુલ ૭૧ ટીનનો જથ્થો મળી આવ્યો હતો. અંદાજે ૪૪,૭૩૦ની કિંમત ના ટીન જપ્ત કરાયાં હતાં.આવા તત્વો સામે કડક કાર્યવાહી જરૂરીસુમુલના ડિરેક્ટર જયેશ દેલાડે કહ્યું કે, સુમુલ ડેરી છેલ્લાં ૭૪ વર્ષથી આરોગ્યવર્ધક પ્રોડક્ટનું વેચાણ કરીને શહેરના ૮૦ લાખ નાગરિકોમાં વિશ્વાસનું પ્રતિક બની છે, જેથી સુમુલ બ્રાન્ડના નામનો દુરઉપયોગ કરનારા તત્વો સામે કડક કાર્યવાહી થવી જરૂરી છે.પાર્લેપોઈન્ટ, નાનપુરા, સરથાણામાંથી નમૂના લઈ તપાસ માટે મોકલાયાન્યૂ એ વી સન્સ સુપર સ્ટોર પ્રા.લી., અલ-અમીર એપા., પાર્લે પોઈન્ટ ની બાજુ માં ધી ગુજરાત ડેરી કંપની, હરિપુરા મેઈન રોડ શિવ ટ્રેડર્સ, હરીપુરા મેઈન રોડ, નારાયણ સુપર સ્ટોર, કર્મયોગી સમાજ, પાંડેસરા, ધીરજ સન્સ સુપર માર્કેટ, પાર્લેપોઈન્ટ, પ્રાઈમ સ્ટોર, કાલિદાસ નગર સો., એલ.એચ.રોડ,એડીએસ સુપર માર્ટ LLP, મધુરમ આર્કેડ, ડીંડોલી, ગુરુકૃપા કિરાણા સ્ટોર, અવિર્ભાવ-૧, પાંડેસરા, નીલકંઠ ફૂડ સ્ટોર, પાર્થ કોમ્પલેક્ષ, સિંગણપોર રોડ, અક્ષત ઘી એજન્સી, ડીએમ ફ્લેટ્સ હાઉસિંગ સોસાયટી, કતારગામ, રિલાયન્સ રિટેલ લિ., કદમપલ્લી, નાનપુરા, પ્રાઈમ સ્ટોર, દિવાળી બાગ ઈન્ડ., એસ્ટેટ, એકે રોડ, શ્રી અંબિકા બેકરી, આશીર્વાદ ટાઉનશીપ, બમરોલી, પ્રસાદ ડેરી પ્રોડક્ટ, સમ્રાટ રો હાઉસ સો.-૨, સરથાણા પકડાયેલો નકલી ઘીનો જથ્થો

# સુરત-ધરમપુર બસ અનિયમિત, મુસાફરોએ 3 કિમી ચાલવુ પડે છે

**નવસારી,** સુરતથી ધરમપુર બસની અનિયમિતતા બાબતે ચીખલીના અગાસી ગામના જાગૃત નાગરિકોએ ડેપો મેનેજરને ફરિયાદ કરી હતી. સુરતથી-ધરમપુર બસ સાંજે ધરમપુર જતી વખતે છેલ્લા ત્રણ ચાર માસથી ખુબ જ અ નિયમિત આવતા આ વિસ્તાર ની કાયમી આવ-જા કરતી ગરીબ આમજનતાને હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે. ત્રણ કલાક બસ મોડી પડતા અગાસી બસ સ્ટેન્ડ ઉપર ઉતરી ચાર-પાંચ કિલોમીટર ચાલીને જવું પડતું હોય વાલી, નાના બાળકો અને વૃદ્ધો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આ બાબતે ધરમપુર ડેપો મેનેજરને તેમના વોટસએપ નંબર ઉપર ફરિયાદ કરવામાં આવી હતી. આમ છતાં ડેપો મેનેજર તરફથી કોઈ જ પ્રત્યુત્તર કે કાર્યવાહી ન કરવામાં આવતા ફરીથી આ બાબતે યોગ્ય કરવા વિનંતી કરવામાં આવી છે. જો બે દિવસમાં આ બાબતે યોગ્ય કરવામાં ન આવે તો આંદોલન કરવાની ફરજ પડશે તેમ અગાસીના મોહનભાઈ દેસાઈએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, બાળકો સહિત અન્ય મુસાફરોએ પણ રોજબરોજ બસ માટે હાલાકી વેઠવી પડતી હોવાથી ત્રાસી ગયા છે. આગામી સમયમાં યોગ્ય શિડ્યુલ નહીં ગોઠવાય તો સ્થાનિકો આંદોલનનો માર્ગ અપનાવે તેવી પણ ચર્ચા ચાલી રહી છે.

ગુજરાત રક્ષા

**તંત્રી સ્થાનેથી**

# રતન ટાટા જેવો આદર બહુ ઓછા ઉદ્યોગપતિ ઓને મળ્યો

દેશના લીજેન્ડરી ઉદ્યોગપતિ રતન ટાટાએ બુધવારે રાત્રે ૮૬ વર્ષની વયે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્રવાસ લીધા એ સાથે જ એક યુગ પૂરો થઈ ગયો. રતન ટાટાને સોમવારે અચાનક બ્લડ પ્રેશરમાં ઘટાડો થવાને કારણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્રણ દિવસ પહેલાં તેમના નિધનની અફવા પણ ફેલાઈ હતી.રતન ટાટાને હોસ્પિટલમાં આઈસીયુ વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા છતાં રતન ટાટાએ આ અફવાને રદિયો આપ્યો હતો. રતન ટાટાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને કહ્યું હતું કે, હું ઠીક છું અને મારી વૃદ્ધાવસ્થાને કારણે રૂટીન ચેકઅપ માટે હોસ્પિટલ ગયો હતો તેથી ચિંતા કરવાની કોઈ વાત નથી.રતન ટાટાને પોતાને પણ એ વખતે અંદાજ નહીં હોય કે મોત તેમની આસપાસ આંટા મારી રહ્યું છે અને બહુ જલદી તેમને પોતાની સાથે લઈ જશે. સોશિયલ મીડિયા પર મૂકેલી પોસ્ટના ત્રણ જ દિવસમાં રતન ટાટાએ આપણી વચ્ચેથી વિદાય લઈ લીધી.રતન ટાટાનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૩૭ના દિવસે મુંબઈમાં થયો હતો. સુરતમાં જન્મેલા નવલ ટાટાના પુત્ર રતન ટાટા નાના હતા ત્યારે જ તેમના માતા-પિતાના ડિવોર્સ થઈ ગયેલા તેથી રતન નવલ ટાટા પોતાનાં દાદી નવજબાઈ પાસે મોટા થયા હતા. રતન ટાટાનાં માતા સૂની ટાટા ગ્રુપના સ્થાપક જમશેદજી ટાટાનાં ભત્રીજી હતાં જ્યારે તેમના પિતા નવલ ટાટા મૂળ ટાટા પરિવારના નહોતા પણ રતનજી ટાટાએ તેમને દત્તક લેતાં નવલ ટાટા પરિવારમાં આવ્યા હતા.રતન ટાટા અમેરિકાથી ભણીને આવ્યા પછી ટાટા ગ્રુપમાં જોડાયા હતા અને ખોટ કરતી નેલ્કોને નફો કરતી કરીને તેમણે પોતાની ક્ષમતા સાબિત કરી પછી જેઆરડી ટાટાને તેમનામાં રસ પડ્યો હતો. જેઆરડીએ રતનને ટાટા ગ્રુપનું સુકાન સોંપવાનું નક્કી કર્યું ત્યારે રૂસી મોદી સહિતના જૂના જોગીઓનો વિરોધ સહન કરવો પડ્યો હતો. જો કે જેઆરડીએ બધા વિરોધને અવગણીને રતન ટાટાને ટાટા ગ્રુપની કમાન સોંપી પછી રતન ટાટાએ પાછું વળીને જોયું નહીં.રતન ટાટા ૨૧ વર્ષ સુધી ટાટા ગ્રુપના ચેરમેન હતા. આ ૨૧ વર્ષમાં ટાટા ગ્રુપની આવક ૪૦ ગણી વધી અને નફો ૫૦ ગણો વધ્યો. રતન ટાટાને ભારતની સૌથી પહેલી સ્વદેશી કાર ઈન્ડિકા બનાવવાનું શ્રેય જાય છે. ભારતમાં એ પહેલાં જે પણ કાર બનતી એ બધી વિદેશી ટેકનોલોજીથી બનતી હતી. રતન ટાટાએ ૧૯૯૦ના દાયકામાં ભારતમાં પહેલી સ્વદેશી કાર બનાવવાનું નક્કી કર્યું પછી પોતે ટાટાના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં જઈને પોતાના એન્જિનિયર્સ સાથે મળીને કાર બનાવવાનું શરૂ કર્યું. ટાટાએ પોતે રસ લઈને અને મહેનત કરીને ઈન્ડિકા બનાવીને ભારતમાં કાર ઉત્પાદન ઈન્ડસ્ટ્રીની શિકલ જ બદલી નાખી અને ટાટાને કાર ઉત્પાદનમાં દેશની ટોચની કંપની બનાવી.રતન ટાટાનું એક સપનું દેશનાં સામાન્ય લોકોને પણ પરવડે એવી માત્ર ૧ લાખ રૂપિયામાં વેચી શકાય એવી કાર બનાવવાનું હતું. ટાટાએ નેનો કાર દ્વારા આ સપનું પણ પૂરું કર્યું હતું. ૨૦૦૮માં રતન ટાટાએ દુનિયાની સૌથી સસ્તી એવી માત્ર ૧ લાખ રૂપિયામાં જ મળી શકે તેવી નેનો મોટરકારનું નિર્માણ ગુજરાતમાં સાણંદ પાસે શરૂ કરીને ઈતિહાસ રચી દીધો હતો. સામાન્ય માનવીને પણ પોસાય તેવી કાર બનાવવાનું ટાટાનું સપનું ગુજરાતની મોદી સરકારના શાસનમાં પૂરું થયું.નેનો કાર બહુ સફળ ના થઈ અને અત્યારે બંધ પણ થઈ ગઈ છે પણ ટાટાએ નેનો કાર બનાવીને સાબિત કર્યું હતું કે, તમે દૃઢ નિશ્ર્ચય કરો તો ગમે તે કામ પાર પાડી શકો છો. રતન ટાટાએ બહુ વરસો પહેલાં જ દુનિયામાં ઈલેક્ટ્રિક કારનું માર્કેટ ઝડપભેર મોટું થશે એ જોઈ લીધેલું તેથી ટાટાની કાર્સને ઈલેક્ટ્રિક બનાવવાની દિશામાં પગલાં ભરવા માંડેલાં. આજે ટાટા ગ્રુપ ભારતમાં ઈલેક્ટ્રિક કારના ઉત્પાદનમાં સૌથી આગળ છે તેનો યશ રતન ટાટાના વિઝનને જાય છે.ટાટા ગ્રુપ પહેલેથી ગ્લોબલ હતું પણ રતન ટાટાએ તેની પાંખોને વિસ્તારી. રતન ટાટાએ લેન્ડ રોવર અને જગુઆર જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ ટાટાના ખાતામાં ઉમેરી. આ ઉપરાંત કોરસ જેવી મોટી કંપનીને ટેકઓવર કરાવીને સ્ટીલ ઉત્પાદનમાં ટાટાની તાકાત વધારી. ટાટા ટીએ ટેટલી જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડને હસ્તગત કરી.રતન ટાટા વિશે એક બહુ ઓછી જાણીતી વાત એ છે કે, ૨૦૦૪માં રતન ટાટાએ ઐતબાર નામની ફિલ્મ બનાવીને ફિલ્મ નિર્માણમાં પણ ઝંપલાવ્યું હતું. વિક્રમ ભટ્ટ દ્વારા દિગ્દર્શિત રોમેન્ટિક સાયકોલોજિકલ થ્રિલર ઐતબાર ફિલ્મમાં અમિતાભ બચ્ચન, જહોન અબ્રાહમ અને બિપાશા બાસુએ અભિનય કર્યો હતો.ટાટાએ જતિન કુમાર, ખુશરૂ બાધા અને મનદીપસિંહ સાથે મળીને આ ફિલ્મ બનાવી હતી. ૧૯૯૬ની હોલીવુડ ફિલ્મ ફિયરથી પ્રેરિત ઐતબારમાં મોટા મોટા સ્ટાર અને સસ્પેન્સફુલ પ્લોટ હોવા છતાં ફિલ્મ ચાલી નહોતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ રહી હતી. રૂપિયા ૯.૫૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ૮ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ફિલ્મ નિર્માણની દુનિયામાં ટાટાનું પહેલું અને છેલ્લું સાહસ હતું. ટાટાએ ફરી ફિલ્મ નિર્માણમાં ઝંપલાવવાની હિંમત ના કરી.રતન ટાટાએ ટાટા ગ્રુપનું ચેરમેનપદ છોડ્યું પછી સાયરસ મિસ્ત્રી ચેરમેન બન્યા હતા. સાયરસની પસંદગી રતન ટાટાએ જ કરી હતી છતાં સાયરસ સાથે તેમને સંઘર્ષ થયો તેના કારણે ટાટાની પ્રતિષ્ઠા ખરડાઈ હતી. ટાટા ગ્રુપ છોડ્યું હોવા છતાં રતન ટાટા ગ્રુપની કામગીરીમાં દખલ કરતા હોવાના આક્ષેપ પણ થયા હતા. રતન ટાટા જેવા વિરાટ વ્યક્તિત્વ ધરાવતા ઉદ્યોગપતિ આવી નાની નાની વાતોમાં પડે એ વાત તેમના ચાહકોને પણ આઘાત આપનારી લાગી હતી.સદનસીબે ટાટા પછી ટાટા ગ્રુપથી અલગ થઈ ગયા ને પાછલી જિંદગીમાં નવું કરવાની ધગશ ધરાવતા યુવકોનાં સ્ટાર્ટ અપ્સમાં રોકાણ કરીને યુવકને પ્રોત્સાહન આપતા હતા. રતન ટાટાના કારણે ઘણાં સ્ટાર્ટ અપ્સ પગભર થઈ શક્યાં. સ્નેપડીલ, ટીબોક્સ, કેશકરોડોટકોમ, ડોગસ્પોટ સહિતની નવી નવી કંપનીઓમાં રોકાણ કરીને ટાટાએ તેમને પ્રોત્સાહન આપ્યું હતું. ટાટાએ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં દાન પણ કર્યાં હતાં.રતન ટાટાએ ભારતીયોના હૃદયમાં જે સ્થાન મેળવ્યું એવું સ્થાન બહુ ઓછા ઉદ્યોગપતિ મેળવી શકે છે. ભારતનાં લોકો માટે આદરપાત્ર રતન ટાટા ભલે આપણી વચ્ચેથી વિદાય થયા પણ આ દેશનાં લોકો તેમને ભૂલી નહીં શકે.



# ઉમરની તાજપોશી
## કાશ્મીર ફરી ૨૦૧૪ પહેલાંની સ્થિતિમાં

જમ્મુ અને કાશ્મીરમાં ફરી ઉમર અબ્દુલ્લાની મુખ્ય મંત્રીપદે તાજપોશીનો તખ્તો તૈયાર છે. વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સે બહુમતી મેળવી પછી ઉમર અબ્દુલ્લા મુખ્ય મંત્રી બનશે એ નક્કી જ હતું. ૯૫ સભ્યો ધરાવતી જમ્મુ કાશ્મીર વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સે ૪૨ બેઠકો જીતી છે જ્યારે તેના સાથી પક્ષ કૉંગ્રેસે ૬ બેઠકો જીતી છે તેથી ૪૮ બેઠકો સાથે બંને પાસે સ્પષ્ટ બહુમતી હતી. હવે ઉમરને ૪ અપક્ષ સભ્યોએ ટેકો જાહેર કર્યો છે.નેશનલ કોન્ફરન્સના સાથી પક્ષ એવા સીપીએમેપણ એક બેઠક જીતી છે. આમ નેશનલ કોન્ફરન્સને કુલ ૫૩ ધારાસભ્યોનો ટેકો છે તેથી ઉમરની તાજપોશીનો તખ્તો તૈયાર જ હતો ને ચૂંટાયેલા ધારાસભ્યો ઉમરને નેતા તરીકે ચૂંટે એ ઔપચારિકતા બાકી હતી. ગુરુવારે નેશનલ કોન્ફરન્સ વિધાનસભા પક્ષની બેઠક તેમાં તમામ ધારાસભ્યોએ સર્વસંમતિથી ઓમર અબ્દુલ્લાને પોતાના નેતા તરીકે પસંદ કર્યા એ સાથે જ એ ઔપચારિકતા પણ પૂરી થઈ ગઈ.નેશનલ કોન્ફરન્સ પાસે વિધાનસભામાં બહુમતી હોવાથી પોતાના જોરે જ સરકાર રચી શકે તેમ છે પણ ઓમર અબ્દુલ્લા કૉંગ્રેસના સમર્થન પત્રની રાહ જોઈ રહ્યા હતા. શુક્રવારે કૉંગ્રેસનો સમર્થન પત્ર પણ મળી જતાં ઉમરે રાજભવન જઈને સરકાર બનાવવાનો દાવો રજૂ કરી દીધો ને લેફ્ટનન્ટ ગવર્નરે નિમંત્રણ આમંત્રણ આપતાં હવે ઉમરની તાજપોશી નક્કી જ છે.ઉમરની તાજપોશી સાથે જમ્મુ અને કાશ્મીરનું રાજકારણ પાછું ૨૦૧૪ પહેલાંના સમયમાં આવી ગયું છે. મોદી સરકારે બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી પછી ભાજપ છવાઈ જશે અને વંશવાદી રાજકારણ ચલાવતા પરિવારો ફેંકાઈ જશે એવું કહેવાતું પણ એવું થયું નથી. કમ સે કમ અબ્દુલ્લા પરિવારના કિસ્સામાં તો એવું નથી જ થયું. અબ્દુલ્લા પરિવાર વરસોથી કાશ્મીરના રાજકારણમાં અડિંગો જમાવીને બેઠેલો છે ને સત્તા ભોગવે છે. દેશ આઝાદ થયો ત્યારે ફારૂકના પિતા શેખ અબ્દુલ્લાએ પાકિસ્તાનની સામે પડીને ભારતને મદદ કરેલી.અબ્દુલ્લા અઠંગ ખેલાડી હતા ને લાભ વિના લોટે એમ નહોતા. કાશ્મીરના રાજા હરિસિંહ સામે તેમને વાંધો હતો એટલે દેશ આઝાદ થયો એ પહેલાંથી એ હરિસિંહને તગેડવા મથ્યા કરતા હતા. કાશ્મીરમાં તેમણે પહેલાં જ લોકોને હરિસિંહ સામે ભડકાવી રાખેલા. પાકિસ્તાને અચાનક આક્રમણ કર્યું તેમાં જવાહરલાલ નહેરૂ બઘવાઈ ગયેલા ને દોડતા થઈ ગયેલા.સરદાર વલ્લભભાઈ પટેલ ગૃહ મંત્રી ને નાયબ વડા પ્રધાન હતા પણ એ ઠંડે કલેજે બેઠેલા હતા. રાજા હરિસિંહ હિંદુ હતા પણ ભારત સાથે ગદ્દારી કરેલી. દેશના મોટા ભાગના હિંદુ રાજા ભારત સાથે ભળી ગયેલા પણ હરિસિંહને કાશ્મીરને અલગ દેશ બનાવીને તેના પર રાજ કરવાના અભરખા હતા તેથી ભારત સાથે નહોતા ભળ્યા. કાશ્મીરની મોંકાણ મંડાઈ તેના મૂળમાં રાજા હરિસિંહ છે. આપણે ત્યાં હિંદુવાદીઓ ને બીજા બધા પાકિસ્તાનને ગાળો આપે છે, જવાહરલાલ નહેરૂને ચોપડાવે છે પણ કાશ્મીર સમસ્યાના અસલ વિલન હરિસિંહ છે. તેમના પાપે આપણા માથે કાયમનો કકળાટ લખાઈ ગયો.પાકિસ્તાને આક્રમણ કર્યું ત્યારે સરદાર પહેલાં કશું ના કર્યું કેમ કે તેમને ખબર હતી કે હરિસિંહના બાપનો પણ આપણા પગ પકડ્યા વિના છૂટકો નથી. હરિસિંહ સત્તાલાલસુ હતા પણ મૂરખ નહોતા કે પાકિસ્તાન કાશ્મીર પર કબજો કરી લે એટલે પોતે નવરા થઈને બેસી રહેવું પડશે એ ના સમજે. તેમણે તરત સરદારના પગ પકડ્યા. સરદારે કાશ્મીરનું જોડાણ ભારત સાથે કરવાના કરાર પર સહી કર્યા પછી ભારતીય લશ્કર મોકલ્યું પણ ત્યાં લગીમાં પાકિસ્તાનના પીઠ્ઠુ અંદર લગી ઘૂસી આવેલા.આપણા લશ્કરે પાકિસ્તાનના પીઠ્ઠુઓને ખદેડવા માંડેલા. નહેરૂએ યુનાઈટેડ નેશન્સમાં જવાની મૂર્ખામી ના કરી હોત તો આખું જમ્મુ અને કાશ્મીર આપણા કબજામાં હોત. એ વખતે શેખ અબ્દુલ્લા તક જોઈને આપણા પડખામાં ઘૂસી ગયેલા તેથી નહેરૂ તેમના પર ફિદા હતા. તેમણે અબ્દુલ્લાને જમ્મુ અને કાશ્મીરના વઝીર એ આઝમ એટલે કે વડા પ્રધાન બનાવી દીધા. ત્યારથી અદુલ્લા પરિવાર જમ્મુ અને કાશ્મીર તેમના બાપની મિલકત છે ને તેના પર રાજ કરવાનો હક તેમના સિવાય કોઈને નથી એમ માનીને વર્તતો રહ્યો છે.શેખ અબ્દુલ્લાએ હરિસિંહ સામેના આંદોલનનું નેતૃત્વ કરેલું તેથી લોકપ્રિયતા હતી. તેના કારણે જમ્મુ અને કાશ્મીરના રાજકારણમાં કેન્દ્રસ્થાને રહ્યા અને વરસો લગી તેમણે રાજ કર્યું. કાશ્મીરમાં વચ્ચે વચ્ચે બીજા પક્ષો સત્તામાં આવી જાય છે ખરા પણ પછી પાછું અબ્દુલ્લા પરિવારનું જ રાજ આવી જાય છે ને અત્યારે પાછું એ જ થયું છે. શેખ અબ્દુલ્લા ગયા પછી તેમનો દીકરો ફારૂક આવ્યો ને પછી ઉમર અબ્દુલ્લા આવ્યો. એ રીતે અબ્દુલ્લા પરિવારની ત્રણ પેઢીએ કાશ્મીર પર રાજ કર્યું છે અને ફરી પાછું તેમનું રાજ આવી ગયું.અબ્દલ્લા પરિવાર ફરી બેઠો થયો તેમાં ભાજપનું યોગદાન મોટું છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી દેશભરમાં સ્થિતિ બદલાઈ. તેની અસર કાશ્મીર પર પણ પડી હતી. કાશ્મીર કાશ્મીર ખીણ, જમ્મુ અને લેહ-લદાખ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું. આ પૈકી જમ્મુમાં હિન્દુઓની બહુમતી હોવાથી ભાજપે ખિલા ઠોકી દીધા છે પણ માત્ર જમ્મુના જોરે ભાજપ કાશ્મીર પર રાજ ના કરી શકે તેમ હોવાથી ભાજપે મહેબૂબા મુફતીની પીડીપી સાથે જોડાણ કર્યું.પીડીપી અને ભાજપ બંનેએ કાશ્મીરના વિકાસને પ્રાધાન્ય આપવાની જરૂર હતી પણ તેના બદલે બંને પોતપોતાના રાજકીય એજન્ડાને વળગી રહ્યાં. મહેબૂબા મુફતીને મુસ્લિમ મતબેંક અને કાશ્મીર ખીણની ભાજપ વિરોધી માનસિકતા ધરાવતાં પરિબળોને સાચવવામાં રસ હતો જ્યારે ભાજપને પોતાની હિંદુ મતબેંક સાચવવામાં રસ હતો તેથી એ પ્રમાણે નિર્ણય લીધા તેમાં જોડાણ તૂટ્યું.મોદી સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરીને કાશ્મીરનું વિભાજન કર્યું પણ તેના કારણે જમ્મુ અને કાશ્મીરનાં રાજકીય સમીકરણો ના બદલાયાં. આ કારણે અબ્દુલ્લા પરિવારને ફરી બેઠા થવાની તક મળી ગઈ. કાશ્મીર ખીણમાં મહેબૂબાનો પ્રભાવ વધારે હતો પણ ભાજપ સાથે જોડાણ કર્યું તેમાં મહેબૂબા અપ્રિય થયાં અને અબ્દુલ્લા પરિવાર સિવાય બીજા કોઈ વિકલ્પ કાશ્મીર ખીણના કારણે ના રહ્યો. કાશ્મીરમાં પીડીપી ને ભાજપનું જોડાણ હતું ત્યારે લાગતું હતું કે, ફારૂક કે ઉમર ફરી ગાદી પર આવી શકે એમ નથી પણ મહેબૂબાના ભાજપ સાથેનો જોડાણે એ તક આપી દીધી ને ઉમર ફરી મુખ્ય મંત્રીપદે બેસે તેનો તખ્તો તૈયાર છે.

# નવો દાઉદ બનવાના માર્ગે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ
## ૭૦૦થી વધુ શૂટર્સની ગેંગ

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરાડની ગેંગ સામે સતત કાર્યવાહી કરી રહી છે. આ દરમિયાન ફ્રૈંછએ ગેંગસ્ટર ટેરર?કેસમાં કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડી બરાડ સહિત અનેક નામચીન ગેંગસ્ટરો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. NIAએ તેમાં ઘણા ખુલાસા કર્યા હતા.લોરેન્સ બિશ્નોઈ દાઉદ ઈબ્રાહિમ ના રસ્તે NIA એ તેની ચાર્જશીટ માં કહ્યું છે કે લોરેન્સ બિશ્નોઈ અને તેની આતંકી સિન્ડિકેટ અભૂતપૂર્વ રીતે ફેલાઈ ગઈ છે. દાઉદ ઈબ્રાહિમે જે રીતે ૯૦ના દાયકામાં નાના-નાના ગુના કરીને પોતાનું નેટવર્ક સ્થાપ્યું હતું તે રીતે લોરેન્સે પણ પોતાનું નેટવર્ક સ્થાપ્યું છે. દાઉદ ઈબ્રાહિમે ડ્રગ્સ સ્મગલિંગ, ટાર્ગેટ કિલિંગ, ખંડણી રેકેટ દ્વારા પોતાનું સામ્રાજ્ય બનાવ્યું અને પછી તેણે ડી કંપની




બનાવી. પછી તેણે પાકિસ્તાની આતંકવાદીઓ સાથે ગઠબંધન કર્યું અને પોતાનું નેટવર્ક વિસ્તાર્યું. જ્યારે દાઉદ ઈબ્રાહિમ અને ડી કંપનીની જેમ બિશ્નોઈ ગેંગે પણ નાના ગુનાઓથી શરૂઆત કરી હતી. પછી તેણે પોતાની ગેંગ બનાવી. હવે બિશ્નોઈ ગેંગે ઉત્તર ભારત પર કબજો જમાવી લીધો છે.લોરેન્સ બિશ્નોઈની ગેંગમાં ૭૦૦થી વધુ શૂટર્સ કેનેડિયન પોલીસ અને ભારતીય એજન્સી દ્વારા વોન્ટેડ સતવિંદર સિંહ ઉર્ફે ગોલ્ડી બરાડ બિશ્નોઈ ગેંગને ઓપરેટ કરી રહ્યો છે. NIAએ જણાવ્યું છે કે બિશ્નોઈ ગેંગમાં ૭૦૦ થી વધુ શૂટર્સ છે, જેમાંથી ૩૦૦ પંજાબ સાથે સંકળાયેલા છે. બિશ્નોઈ અને ગોલ્ડી બરાડને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ દ્વારા પ્રમોટ કરવામાં આવ્યો હતો. બિશ્નોઈ ગેંગે વર્ષ ૨૦૨૦-૨૧ સુધી ખંડણીમાંથી કરોડો રૂપિયાની કમાણી કરી હતી અને તે પૈસા હવાલા દ્વારા વિદેશ મોકલવામાં આવ્યા હતા. અપરાધનું સામ્રાજ્ય ભારતના ૧૧ રાજ્યો અને ૬ દેશોમાં ફેલાયેલું છે NIA અનુસાર, બિશ્નોઈની ગેંગ એક સમયે માત્ર પંજાબ સુધી જ સીમિત હતી. પરંતુ તેણે અને તેના નજીકના સહયોગી ગોલ્ડી બરાડે હરિયાણા, દિલ્હી અને રાજસ્થાનની ગેંગ સાથે ગઠબંધન કરી એક મોટી ગેંગ બનાવી. બિશ્નોઈ ગેંગ હવે ઉત્તર ભારતમાં, પંજાબ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન અને ઝારખંડમાં પણ ફેલાયેલી છે. સોશિયલ મીડિયા અને અન્ય વિવિધ પદ્ધતિઓ દ્વારા યુવાનોને ગેંગમાં ભરતી કરવામાં આવે છે. આ ગેંગ અમેરિકા, અઝરબૈઝાન, પોર્ટુગલ, યુએઈ અને રશિયામાં ફેલાઈ ગઈ છે.યુવાનોને વિદેશ મોકલવાની લાલચ આપે છે યુવાનોને કેનેડા અથવા તેમની પસંદગીના દેશમાં શિફ્ટ કરાવવાની લાલચ આપીને ગેંગમાં ભરતી કરવામાં આવે છે. NIA અનુસાર, પાકિસ્તાન માં રહેતો ખાલિસ્તા ની આતંકવાદી હરવિંદર સિંહ રિંડા પંજાબમાં ટાર્ગેટ કિલિંગ અને ગુનાહિત ગતિવિધિઓ કરવા માટે બિશ્નોઈ ગેંગના શૂટર્સનો ઉપયોગ કરે છે. થોડા દિવસો પહેલા NIA એ લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડી બરાડ સહિત કુલ ૧૬ ગેંગસ્ટરો વિરુદ્ધ UAPA હેઠળ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

# વિકાસ સપ્તાહ નિમિતે વ્યારા ખાતેથી પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઇ પટેલના હસ્તે તાપી જિલ્લાના વિવિધ કામોના રૂા.૧૨.૪૯ કરોડના ખાતમુહર્ત અને લોકાર્પણ કરાયા

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોલાર ઉર્જા, નલ સે જલ, અને વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના આયુષ્યમાન ભારતનો શ્રેય આપણા વડાપ્રધાનશ્રીને મળે છે : મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** વડાપ્રધાનશ્રી અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની શરૂઆત કરી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વર્ષ-૨૦૦૧ થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં રાજયના સૌ નાગરિકોને જોડી તા. ૦૭ થી તા.૧૫ ઓકટોબર-૨૦૨૪ દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવણીનું આયોજન સમગ્ર રાજયભરમાં કરવામાં આવ્યું છે.આ વિકાસ સપ્તાહની ઉજવણી નિમિતે તાપી જિલ્લામાં વ્યારા જિલ્લા સેવા સદન ખાતે રાજ્યમંત્રીશ્રી મુકેશ પટેલ, વન અને પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ, જળ સંપતિ અને પાણી પુરવઠા, ગુજરાત રાજયના અધ્યક્ષપદે આજે તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ જિલ્લા સેવાસદનના ઓડિટોરીયમ હોલ ખાતેથી તાપી જિલ્લાના વિવિધ કામોના રૂા.૧૨.૪૯ કરોડના ખાતમુહર્ત અને લોકાર્પણ માટેનો સમારોહ યોજાયો હતો.વિકાસ સપ્તાહની જિલ્લા કક્ષાની પ્રથમ ઉજવણી કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રીના પ્રયત્નોથી છેલ્લા ૨૩ વર્ષમાં સમગ્ર ગુજરાત અને ભારતે વિકસિત રાષ્ટ્ર તરફ મીટ માંડી છે. ગુજરાત આજે વિકાસનું રોલ મોડલ બન્યું છે. વિશ્વની અગ્રણી ૫૦૦ કંપનીઓ પૈકી ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં કાર્યરત થઈ છે. આજે ગુજરાતમાં રોજગારી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાર્ટ અપ, આરોગ્ય, શિક્ષણ, આવાસ સહિતની વિવિધ યોજનાઓ થકી છેવાડાના લોકોનો સર્વાંગી વિકાસ થયો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે એક સમયે અપૂરતી વીજળી, પાણીની તીવ્ર અછત, પૂરતી આરોગ્ય સેવાઓનો અભાવ, કન્યા શિક્ષણનું ઓછું પ્રમાણ – આવા જે અનેક પડકારો હતા તેને તકમાં પલટવાના સામર્થ્યનું ગુજરાત અને ગુજરાતીઓમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં સિંચન થયું છે. આજે ૧૮ હજાર ગામોમાં ૨૪ કલાક વીજળી મળે છે. નલ સે જલ યોજના થકી ગામે ગામ પવિત્ર નદીઓના પાણી મળતા થયા છે. શાળાઓ સ્માર્ટ ક્લાસથી શિક્ષણ આપે છે. મંત્રીશ્રી મુકેશભાઇ પટેલે પોતાના વક્તવ્યમાં ઉમેર્યું હતું કે પંચશક્તિ એટલેકે ઊર્જા શક્તિ, જળશક્તિ, જ્ઞાન શક્તિ, જનશક્તિ અને રક્ષા શક્તિના આ પંચામૃત પર ગુજરાતના વિકાસની આધારશીલા મૂકીને પ્રગતિના પંથે ચિતરેલા આ વિકાસ મોડેલને શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે આગળ ધપાવ્યું છે.આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણીએ જણાવ્યું હતું કે બહુ આયામી વિકાસ મોડેલ પર ગુજરાત રાજયએ આગેકુચ કરી છે. સમગ્ર ભારતમાં આપણા જિલ્લામાં બીજા નંબર નો રબ્બર ટેક્નોલોજી આધારિત ચેક ડેમ નિર્માણ પામવાનો છે. ધારાસભ્યશ્રી એ ઉમેર્યુ હતું કે આપણા તાપી જિલ્લામાં જે વિકાસ થયો છે તે માનનીય નરેન્દ્રભાઈ મોદીને સંપૂર્ણપણે આભારી છે. આપણા જિલ્લાના વિકાસની ઉજવણી કરવા માટે આ વિકાસ સપ્તાહની ઉજવણી આપણે કરીએ છીએ.દેશના અગ્રગણ્ય ઉદ્યોગપતિ રતન ટાટાનું નિધન થતા મહાનુભાવો દ્વારા ખાસ મૌન રાખી શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી. આ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંગ વસાવા, સાંસદશ્રી પરભુ ભાઈ વસાવા, ધારાસ ભ્યશ્રી ડો. જયરામ ભાઈ ગામીત, ધારાસભ્યશ્રી મોહન ભાઈ ઢોડિયા, કલેકટર શ્રી ડો. વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી. એન. શાહ, ડીસીએફ શ્રી પુનિત નૈયર, પ્રાયોજના અધિકારીશ્રી રામ નિવાસ બુગાલિયા તેમજ પદાધિકારી શ્રીઓ, અધિકારી શ્રીઓ, કર્મચારી શ્રી ઓ તેમજ જિલ્લાના નાગરિકો જોડાયા હતા. સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા મન-વચન અને કર્મથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની ભારત વિકાસ માટેની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી તથા ફિલ્મનું નિદર્શન કરાયું હતું.

# ધારાસભ્યશ્રી ડો.જયરામભાઇ ગામીતના અધ્યક્ષસ્થાને પ્રાથમિક શાળા સરવાળા ખાતે દસમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## નિઝર તાલુકાના સરવાળા ખાતે યોજાયેલ ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમમાં ૧૧૧૯ અરજીઓનો સ્થળ પર નિકાલ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તાપી જિલ્લાના નિઝર તાલુકાના પ્રાથમિક શાળા સરવાળા ખાતે ધારાસભ્યશ્રી ડો.જયરામભાઇ ગામિતના અધ્યક્ષસ્થાને 'સેવાસેતુ' (૧૦મો તબ્બકો) કાર્યક્રમ યોજાયો હતો. સરવાળા ખાતે યોજાયેલ ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમમાં ૧૧૧૯ જેટલી વિવિધ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજના ઓનો લાભ છેવાડાના નાગરિકોને મળી રહે તેમજ નાગરિકોને બહુવિધ સેવાઓનો લાભ ઘર આંગણે પ્રપ્ત થાય તે માટે સેવા સેતુ કાર્યક્રમના દસમા તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.રાજ્યના નાગરિકો ના સર્વાંગી વિકાસ માટે સરકાર હર હંમેશ પ્રયત્નશીલ રહી છે.આજે નિઝર તાલુકામાં આવેલ પ્રાથમિક શાળા સરવાળા ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં સરવાળા, ચિંચોદા, શેલુ, અંતુર્લી, વાંકા, હરદુલી, પિંપળોદ, ષવ્યાવલ, સુલવાડા, દેવાળા, હિંગણી ગામના નાગરીકોને સરકાર શ્રીની કુલ ૧૩ જેટલા વિભાગો દ્વારા આધાર કાર્ડ, રાશન કાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો સહિતની ૫૫ જેટલી સેવાઓનો લાભ આપવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મામલતદારશ્રી, ટી. ડી. ઓશ્રી સહિત વિવિધ વિભાગ ના અધિકારી- કર્મચારી ઓ, પધાધિકારી શ્રીઓ, સરપંચ શ્રીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

# વઘઇ તાલીમ ભવન ખાતે જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ યોજાયો




**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ) :** ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઈ દ્વારા તારીખ ૦૪ ઓક્ટોબર ૨૦૨૪નાં રોજ જિલ્લા કક્ષાના કલા ઉત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ડાંગ જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની વિવિધ શાળા ઓએ ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં "આપણો જિલ્લો ડાંગ" વિષય પર ડાંગના બાળ કલાકારોમાં રહેલા કૌશલ્ય અને સુષુપ્ત શકિતઓનો વિકાસ થાય તે હેતુથી ચિત્ર, ગાયન, વાદન, સાહિત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં દીપ દર્શન માધ્યમિક શાળા આહવાની વિદ્યાર્થીની ભોયે ધ્રુવિબેન સુભાષભાઈનો ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો.આ સ્પર્ધામાં સુંદર દેખાવ કરી શાળાનું નામ રોશન કરવા બદલ ઉપસ્થિત જિલ્લા કન્વીનર, કલા ઉત્સવ શ્રી યોગેશ એચ. ચૌધરી તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઈના પ્રાચાર્ય ડૉ. બી.એમ. રાઉતનાં વરદ હસ્તે ટ્રોફી તેમજ પ્રમાણપત્ર એનાયત કરી શાળાના આચાર્ય સિ.સુહાસિની પરમાર અને માર્ગદર્શક શિક્ષકને પણ અભિનંદન પાઠવ્યા હતા.

# કાકડકુંવાની સરકારી શાળામાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તાપી-વ્યારા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ એમ.ડી. વિઠ્ઠલપરા પોલીસ ઈન્સ પેકટર, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની સુચનાં મુજબ સરકારી માધ્યમિક શાળા કાકડકુંવાના પ્રિન્સીપાલ શ્રી જયેશકુમાર ભંડારીના સહયોગથી માસના દ્વીતીય બુધવાર "સાયબર જાગૃતિ દિવસ" અનુસંધાને સાયબર ક્રાઈમ અવેરનેશનુ આયોજન કરવામાં આવેલ. જેમા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પો.સ.ઇ આઇ.ડી. દેસાઇ તથા હે.કો. હરપાલ સિંહ ઝાલા તથા પો.હેડ કોન્સ. રવિન્દ્રભાઈ ચૌહાણ હાજર રહેલ અને શાળાના વિધાર્થી ઓએ આ સેમીનારમાં ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ અને આ સેમીનારમાં પો.સ.ઇ આઇ. ડી. દેસાઇ તથાં હેડ કોન્સ. રવિન્દ્રભાઈ એ સાયબર ક્રાઈમને લગતા બનાવો અંગેની વિધાર્થીઓને રૂપરેખા આપેલ અને હાલમાં બનતા સાયબર બુલીંગ, સોશિયલ મિડિયા સંબંધિત ફ્રોડ, ફાનાન્સીયલ ફ્રોડ, જોબ ફ્રોડ, હેકિંગ, ડેટા થેફ્ટ, ફિશીગ, ઇ-મેઈલ સ્પુફિંગ વિગેરે બાબતે બનતા ગુનાઓ તેમજ તેનાથી કઇ રીતે સાવચેત રહેવુ. ભોગ બન્યા હોય તો તાત્કાલીક ધોરણે કેવા કેવા પ્રકારના પગલા લેવા તે અંગેની સંપુર્ણ માહિતી સરળ ભાષામાં વિધાર્થીઓને આપેલ.આ સેમીનારમાં સહયોગ આપવા બદલ હાજર રહેલ, સરકારી માધ્યમિક શાળા કાકડકુંવાના મદદનીશ શિક્ષકશ્રી જ્યોતી બેન ચૌધરીનો તેમજ સ્ટાફ દ્વારા સાયબર જાગૃતિ દિવસના કાર્યક્રમને સફળ બનાવવા બદલ તાપી-જીલ્લા પોલીસ જાહેર આભાર વ્યકત કરે છે.

# લીમડા ચોક શેરી ગરબા સ્પર્ધા વ્યારા ખાતે યોજવામાં આવી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** શ્રી લીમડા ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ, લીમડા ચોક વ્યારા દ્વારા તારીખ ૭ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ શેરી ગરબા સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વિવિધ ૯ જેટલા ગરબી મંડળોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો, લીમડા ચોક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ના નવા બસ સ્ટેન્ડ સ્થિત માતાજીના ફરતે તમામ મંડળોએ સુંદર ગરબાની કૃતિઓ રજૂ કરી હતી, જેમાં ખૂબ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.સ્પર્ધામાં પ્રથમ ક્રમે મા શક્તિ ગરબા મંડળ, દ્વિતીય ક્રમે મા દુર્ગા ગરબા મંડળ, તૃતીય ક્રમે કોટ ગરબા મંડળ વિજેતા થયા હતા. પ્રથમ આવનારને આયોજકો તરફથી રૂપિયા ૭,૧૦૦ દ્વિતીયને રૂ.૪,૧૦૦ તથા તૃતીય અને ૩૧૦૦ રોકડ ભેટ, દરેકને ટ્રોફી ટ્રોફી આપવામાં આવી હતી, તથા ભાગ લેનાર તમામે તમામ ગરબા મંડળના સભ્યોને પ્રશસતી પત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા, દરેક સ્પર્ધક મંડળને શીલ્ડ પણ આપવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ શ્રી લીમડા ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ લીમડા ચોક નવરાત્રી મહોત્સવના મહિલા મંડળ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો જેને સમગ્ર નગરમાં ખૂબ જ પ્રશંશનીય કામગીરી બદલ અભિનંદન પ્રાપ્ત કર્યા હતા.

# વ્યારામાં "વિકાસ સપ્તાહ" અંતર્ગત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઇ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તા.૦૭ થી ૧૫ ઓક્ટોબર-૨૦૨૪ સુધી "વિકાસ સપ્તાહ"ની ઉજવણી અંતર્ગત તાપી જિલ્લામાં વિવિધ તબક્કે અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ ઉજવણીના ભાગરૂપે તાપી જિલ્લા ખેતીવાડી વિભાગના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિ. દ્વારા વિકાસ સપ્તાહ શૃંખલા અંતર્ગત પ્રાકૃતિક ખેતી અને ખેડૂત કલ્યાણ દિવસ નિમિતે રવિવાર, તા.૧૩ ના રોજ તાલીમ આપવામાં આવી હતી. જેમાં ખેડૂતો તેમજ મહિલાઓ ઉપસ્થિત રહી પ્રાકૃતિક કૃષિના માધ્યમથી દેશના વિકાસમાં પોતાની સહભાગીતા નોંધવવા સંકલ્પ લીધો હતો. આ તાલીમમાં બાગાયત, ખેતીવાડી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા અમલિકૃત યોજનાઓની વિવિધ માહિતી, કૃષિ વિષયક તાંત્રિક માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તાપી જિલ્લો સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બને તે માટે આત્મા પ્રોજેક્ટ, જિલ્લા ખેતીવાડી કચેરી તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રકારની તાલીમ થકી ખેડૂતો ખેતરમાં પાક અને અન્ય વ્યવસ્થા અંગે તેમાંથી સીખ મેળવી શકે છે. તાલીમ સાથે ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈ ગુજરાત સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે લેવામાં આવતા નવચરો અંગે શોટ ફિલ્મ નિહાળવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ખેતીવાડી વિભાગ,આત્મા તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારી-કર્મચારીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા સફળ ખેડૂતોના ઉદાહરણો, ગાય આધારિત ખેતીના ફાયદા, પ્રકૃતિમાં રહેલ ઔષધી અને હેલ્થી ફાર્મિંગ વિશે વિગતવાર જાણકારી આપી હતી. કાર્યક્રમમાં ડીજીવીસીએલ દ્વારા ખેડૂતોને ઈલેક્ટ્રીસીટી અંગે મળતા લાભોની માહિતી જુ.એન્જિનિયર દ્વારા આપવામાં આવી હતી. ઉપરાંત ખેડૂતોના અનુભવો જણાવી પ્રાકૃતિક ખેતીની પ્રક્રિયા, બિયારણ, વાવણી, ખાતર અને જંતુ નિયંત્રણ વિશેની વિગતવાર માહિતી આપી, સાથે જ પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થયેલ ઉત્પાદનોના વેચાણ અને મૂલ્યવર્ધન વિશે પણ વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ દ્વારા પ્રભાવીત થઇ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવા ઉત્સાહ બતાવ્યો હતો.આ તાલીમમાં જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ચેતન ગરાસીયા, વૈજ્ઞાનિક અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. સી. ડી પંડ્યા, નાયબ ખેતી નિયામક શ્રી એસ.યુ પટેલ, નાયબ બાગાયત નિયામક શ્રી ટી.એમ ગામીત, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એ.કે પટેલ વગેરે અધિકારીઓ કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ જોડાયા હતા.